ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

ગોધરા પાલિકાએ 25 કરોડના બાકી વેરાની વસૂલાત માટે ચાર હજાર મિલકતદારોને નોટિસ

કોમર્શિયલ મિલકતો સીલ થશે અને રહેણાંકના નળ કનેક્શન કપાશે

(પ્રતિનિધિ) ગોધરા, તા.19

નગરપાલિકા દ્વારા લાંબા સમયથી બાકી રહેલા વેરાની વસૂલાત માટે હવે આકરું વલણ અપનાવવામાં આવ્યું છે. શહેરના ૧૧ વોર્ડમાં અંદાજિત ૨૫ કરોડ રૂપિયા જેટલો જંગી વેરો બાકી હોવાથી પાલિકાના વેરા વસૂલાત વિભાગે કડક કાર્યવાહીના સંકેત આપ્યા છે. તંત્ર દ્વારા એક સાથે ૪૦૦૦ જેટલા મિલકત ધારકોને નોટિસ ફટકારી છે.

ગોધરા નગરપાલિકાના ચોપડે કુલ ૩૫ કરોડની વેરા ડિમાન્ડ બોલે છે જેમાંથી અત્યાર સુધીમાં માત્ર ૧૦ કરોડની જ વસૂલાત થઈ શકી છે. ૨૫ કરોડ રૂપિયાનો વેરો બાકી હોવાથી પાલિકાની તિજોરી પર ભારણ વધતા તંત્ર સફાળું જાગ્યું છે. આગામી દિવસોમાં વેરા વસૂલાત માટે ખાસ સ્કોડ બનાવવામાં આવી છે જે અલગ-અલગ ટીમોમાં વિભાજિત થઈને ડોર-ટુ-ડોર વસૂલાત કરશે.

પાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો નોટિસ મળ્યા બાદ નિયત સમયમર્યાદામાં વેરો ભરપાઈ કરવામાં નહીં આવે તો વેરો ન ભરનાર રહીશોના પાણીના જોડાણ (નળ કનેક્શન) તાત્કાલિક અસરથી કાપી નાખવામાં આવશે. કોમર્શિયલ કોમ્પ્લેક્સના બાકીદારોની મિલકતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

35 કરોડમાંથી 10 કરોડની વસૂલાત થઇ

ગોધરા નગરપાલિકાના ઇન્ચાર્જ ડી.ટી.એસ., એસ.એ. પઠાણે જણાવ્યું હતું કે, નગરપાલિકા ગોધરાની કુલ ૩૫ કરોડની વેરા ડિમાન્ડ સામે અત્યાર સુધી 10 કરોડ રૂપિયાની વસૂલાત થઈ છે. બાકીના 25 કરોડની વસૂલાત માટે અમે કડક વલણ અપનાવ્યું છે. મોટા બાકીદારો એવા રહેણાંક અને કોમર્શિયલ મિલકત ધારકોને નોટિસો પાઠવવામાં આવી છે. આ કામગીરી માટે ખાસ સ્કોડની રચના કરાઈ છે. હાલ અંદાજિત ૪૦૦૦ મિલકત ધારકોને 3 દિવસની મર્યાદા સાથેની નોટિસ અપાઈ છે, જે બાદ મિલકતો સીલ કરવાની અને કનેક્શન કાપવાની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અગ્રે ઉલ્લેખનીય છે કે, એક તરફ પાલિકા વસૂલાત માટે કડક બની છે, ત્યારે બીજી તરફ લોકોમાં એ પણ ચર્ચા છે કે જો વસૂલાતની કામગીરી નિયમિત થતી હોય તો 25 કરોડ જેટલી માતબર રકમ બાકી કઈ રીતે રહી ગઈ? હાલ તો પાલિકાની નોટિસ બાદ બાકીદારોએ વેરો ભરવા દોડધામ શરૂ કરી છે.

દિવ્યાંગ સગીરા પર બળાત્કાર કેસમાં દાહોદ કોર્ટનો કડક ચુકાદો

દાહોદમાં સગીરા પર દૂષ્કર્મ કેસમાં આરોપીને આજીવન કેદ

જન્મથી બોલી ન શકતી અને મંદબુદ્ધિ સગીરાને ભોળવી બળાત્કાર ગુજાર્યો હતો

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

દાહોદ જિલ્લાના એક ગામે રહેતી જન્મથી બોલી ન શકતી અને મંદબુદ્ધિ સગીરાને ભોળવીને એક નરાધમે તેના ઉપર બળાત્કાર ગુજાર્યો હોવાના ગંભીર ગુનામાં દાહોદની સેશન્સ કોર્ટે કડક ચુકાદો આપ્યો છે. તરવાડીયા વજા ગામે રહેતા તેજાભભાઈ છગનભાઈ ડામોરે સગીરાને ફસાવીને લઈ જઈ એક શાળાના ઓરડામાં તેના ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. બનાવની ગંભીરતા જોતા પોલીસે પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.

આ કેસ દાહોદની સ્પેશિયલ પોક્સો કોર્ટ તેમજ ત્રીજા એડિશનલ સેશન્સ જજ સંદીપસિંહ જી. ડોડીયાની કોર્ટમાં ચાલી રહ્યો હતો. સરકાર તરફથી સરકારી વકીલ ટીના સોની દ્વારા કરવામાં આવેલી ધારદાર અને અસરકારક દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. કોર્ટે આરોપી તેજાબભાઈ છગનભાઈ ડામોરને બળાત્કાર તથા પોક્સો એક્ટના ગુનામાં તકસીરવાર ઠેરવી આજીવન કારાવાસ (જીવનભર કેદ)ની સજા ફટકારી હતી. આ સાથે આરોપીને રૂ. 1 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

સગીરાના ભવિષ્ય અને આર્થિક સહાયને ધ્યાને રાખીને આરોપી પાસેથી રૂ. 4 લાખની રકમ વળતર તરીકે સગીરાને ચૂકવવાની પણ ભલામણ કરી છે. આ કડક ચુકાદાને પગલે સમગ્ર જિલ્લામાં ચકચાર મચી ગઈ હતી અને આરોપી સામે ભારે ફિટકાર વરસાવવામાં આવ્યો હતો.

ઐતિહાસિક પાવાગઢ પરિક્રમા યાત્રાનો ભવ્ય આરંભ કરાયો

યાત્રાધામ પાવાગઢ પરિક્રમા સેવા સમિતિ દ્વારા આયોજન

(પ્રતિનિધિ) હાલોલ, તા.19

યાત્રાધામ પાવાગઢ પરિક્રમા સેવા સમિતિ દ્વારા આયોજિત ઐતિહાસિક પાવાગઢ ડુંગર પરિક્રમા યાત્રાનો આજે વહેલી સવારથી શુભ આરંભ કરવામાં આવ્યો હતો. પાવાગઢ ખાતે ગિરનારની લીલી પરિક્રમા તરીકે ઓળખાતી આ પદયાત્રાની આ દસમી ઐતિહાસિક પરિક્રમા છે.

પાવાગઢ તળેટીમાં બિરાજમાન શ્રી વાઘેશ્વરી માતાના મંદિરે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન મુજબ પૂજા-અર્ચના કર્યા બાદ હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમારના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ પરિક્રમા યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ 44 કિલોમીટર લાંબી પાવાગઢ પરિક્રમા યાત્રામાં હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમાર, મયૂરધ્વજસિંહ પરમાર, પાવાગઢ મંદિરના ટ્રસ્ટીઓ, પાવાગઢ ગામના સરપંચ, શ્રી કાલી યુવક મંડળ, ઓમ કાલી ઓફિશિયલ ગ્રુપ તેમજ પાવાગઢના વેપારી આલમ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે પૂ .નારાયણ બાપુના પ્રપૌત્ર લાલાભાઈ રાજગોર સહિત હાલોલ, પાવાગઢ તેમજ સમગ્ર ગુજરાતમાંથી હજારોની સંખ્યામાં પદયાત્રીઓ આ પરિક્રમામાં જોડાયા હતા. પરિક્રમા દરમિયાન યાત્રાળુઓને કોઈપણ જાતની અગવડ ન પડે તે માટે પાવાગઢ પરિક્રમા સેવા સમિતિ દ્વારા સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું.

સાયબર ક્રાઇમ દ્વારા બેન્ક એકાઉન્ટની તપાસ કરી 10 કેસ શોધી કાઢવામાં આવ્યાં

દાહોદ જિલ્લામાં મ્યુલ હંટ કાર્યવાહી સંદર્ભે દસ અલગ અલગ ગુના નોંધાયાં

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

દાહોદ જિલ્લામાં મ્યુલ હંટ સાઇબર ક્રાઇમનો મોટો ખુલાસો થયો છે. જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ મ્યુલ હંટ સાયબર ક્રાઇમ અંતર્ગત ૧૦ જેટલા ગુનાઓ નોંધાતા ખળભળાટ મચી ગયો છે, જેમાં રૂ. ૩૨ લાખથી વધુની સાઇબર ઠગાઈ થયાનું સામે આવ્યું છે.

ડિજિટલ યુગમાં ટેકનોલોજીના વ્યાપ સાથે સાયબર ગુનાઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. અત્યાર સુધીમાં ફાઈનાન્સિયલ ફ્રોડ અને સોશિયલ મીડિયા ફ્રોડના અનેક કેસો નોંધાયા હતા, પરંતુ હવે મ્યુલ હંટ સાયબર ક્રાઇમ નામનો નવો અને ગંભીર પ્રકાર સામે આવતા સુરક્ષા એજન્સીઓ પણ ચિંતિત બની છે. ખાસ કરીને ગુજરાતભરમાં મ્યુલ હંટ સાયબર ફ્રોડના એક પછી એક કેસો નોંધાતા સાયબર માફિયાઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

મ્યુલ હંટ સાયબર ક્રાઇમ અંતર્ગત સાયબર ગુનાઓ આચરતી ગેંગો કમિશનની લાલચ આપી સામાન્ય લોકોના બેંક ખાતા ભાડે લે છે. દાહોદ જિલ્લામાં રહેતા કેટલાક લોકોને રૂ. ૫,૦૦૦, ૧૦,૦૦૦ અથવા તેનાથી વધુ કમિશનની લાલચ આપવામાં આવી હતી. બાદમાં વિવિધ રાજ્યોમાં થયેલા સાયબર ક્રાઇમથી મળેલી રકમ આ લોકોના બેંક ખાતામાં જમા કરવામાં આવતી હતી. આ રકમ પછી બેંકમાંથી ઉપાડી આંગડિયા અથવા હવાલા મારફતે સાયબર ગુનાઓ આચરતી ગેંગ સુધી પહોંચાડવામાં આવતી હતી. તપાસ દરમિયાન ખુલ્યું છે કે આ પૈસામાંથી મોટો હિસ્સો દેશ બહાર ભારત વિરોધી પહોંચતો હતો, જે આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોવાનું માનવામાં આવે છે.

દાહોદમાં 10 ગુનાઓ, રૂ. ૩૨ લાખથી વધુની ઠગાઈ

મ્યુલ હંટ સાયબર ફ્રોડની તપાસ માટે સ્પેશિયલ ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી, જેમાં ગાંધીનગર CID ક્રાઇમ, ગુજરાત રેલવે પોલીસ અને સાયબર ક્રાઇમ વિભાગ દ્વારા સંયુક્ત રીતે કાર્યવાહી કરવામાં આવી. તપાસ દરમિયાન દેશભરના અનેક સાયબર ગુનાઓના ફંડ ફ્લોનું જોડાણ દાહોદ જિલ્લામાં પહોંચતાં ચોંકાવનારા ખુલાસા થયા હતા. આ અંતર્ગત દાહોદ જિલ્લાના દાહોદમાંથી ૪, ઝાલોદમાંથી ૨, દેવગઢ બારીયામાંથી ૨, સંજેલીમાંથી ૧ અને મણિમાંથી ૧ મળી કુલ ૧૦ અલગ-અલગ ફરિયાદો નોંધવામાં આવી છે.

પંચમહાલના મલાવ ગામમાં એસપીએ રાત્રિ સભા યોજી

(પ્રતિનિધિ) કાલોલ, તા.19

પોલીસ અને પ્રજા વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો મજબૂત બને તેમજ સુરક્ષાનો વિશ્વાસ ઊભો થાય તે હેતુસર પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાત દ્વારા કાલોલ તાલુકાના મલાવ ગામે રાત્રિ રોકાણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એસપીએ ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી તેમની સમસ્યાઓ, સૂચનો અને પ્રશ્નો ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા.

રાત્રિ રોકાણ દરમિયાન એસપીએ ગામની સામાજિક તથા આર્થિક પરિસ્થિતિ અંગે માહિતી મેળવી હતી. સાથે જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું અવલોકન કરી ગ્રામજનોને પોલીસ તરફથી સંપૂર્ણ સહકાર આપવાનો વિશ્વાસ આપ્યો હતો. ગ્રામજનો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અને સમસ્યાઓના નિવારણ માટે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી.

ડૉ. હરેશ દુધાતે મલાવ ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે શૈક્ષણિક સંવાદ કર્યો હતો અને શિક્ષણના મહત્વ પર ભાર મૂક્યો હતો. ઉપરાંત ગામના આરોગ્ય કેન્દ્રની સુવિધાઓની સમીક્ષા કરી આરોગ્ય સેવાઓ વધુ સશક્ત બને તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ રાત્રિ સભા દરમિયાન એસપીએ ગ્રામજનોને સાયબર ક્રાઇમ અંગે જાગૃત કર્યા હતા.

હાલોલમાં કેરલા સમાજ દ્વારા ઐયપ્પા ઉત્સવની ભવ્ય ઉજવણી

હાલોલ શહેરમાં કેરલા સમાજ દ્વારા ભગવાન ઐય્યપ્પા ઉત્સવની ઉજવણી ગુરુવારના રોજ હર્ષોલ્લાસ અને ધાર્મિક ભાવનાથી કરવામાં આવી હતી. હાલોલ-ગોધરા રોડ પર આવેલ ઐય્યપ્પા ભગવાનના મંદિરે વિધિવત પૂજા-અર્ચના બાદ વર્ષોની પરંપરા મુજબ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં કેરલા સમાજની યુવતીઓ અને મહિલાઓ હાથમાં દીવા લઈને કતારબંધ રીતે જોડાતાં નગરમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ સાથે કેરલા થી આવેલ વિશેષ ભજન મંડળીએ સુરતાલ સાથે ભક્તિભર્યા ભજનો રજૂ કરતાં સમગ્ર માહોલ મંત્રમુગ્ધ બની ગયો હતો. કેરલા રાજ્યમાં શબરીમાલા ખાતે ભગવાન ઐય્યપ્પાનું મુખ્ય મંદિર આવેલું છે. તે પરંપરાને અનુસરી દર વર્ષે હાલોલમાં પણ ઐય્યપ્પા ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. હાલોલ ખાતે નીકળેલી શોભાયાત્રા દરમિયાન હાલોલ બજારની મુખ્ય મસ્જિદ પાસે વિશેષ ધૂન વગાડી પરસ્પર આદર વ્યક્ત કરવામાં આવ્યો હતો, જે શહેરની સહઅસ્તિત્વ અને સૌહાર્દની પરંપરાનું પ્રતિબિંબ છે. આ ઉત્સવની ઉજવણી છેલ્લા 32 વર્ષથી સતત કરવામાં આવી રહી છે. ઉત્સવને સફળ બનાવવા કેરલા સમાજના અગ્રણીઓ અને મંદિર કમિટીના સભ્યો દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

દાહોદમાં ચાર સ્થળેથી 4.15 લાખના નશાકારક પદાર્થો જપ્ત

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

દાહોદ પોલીસની વિવિધ ટીમોએ ચાર અલગ અલગ સ્થળે છાપા મારી 4.15 લાખથી વધુ કિંમતનો ગાંજો, અફીણ તથા નશા સહાયક સામગ્રી જપ્ત કરી નશાના વેપારીઓને સકંજામાં લીધા છે. આ કાર્યવાહીથી માદક પદાર્થ વેચતા તત્વો ફફડાટ ફેલાયો હતો.

દાહોદ બી-ડિવિઝન પોલીસે દર્પણ રોડ, અંબા માતાના મંદિર પાસે મારવાડી ચાલમાં રહેતા પૂજારી ચેતનકુમાર મહેશકુમાર વર્માના મકાનમાં ઓચિંતો છાપો મારી 1.141 કિલોગ્રામ વજનનો ગાંજા સહિત કુલ 57,550નો મુદ્દામાલ જપ્ત કરી પૂજારીની ધરપકડ કરી હતી.

દાહોદ ટાઉન એ-ડિવિઝન પોલીસે યસ માર્કેટ સામે ભોઈવાડામાં આવેલા અબ્બાસ (ગુલજીમ) કોમ્પ્લેક્સમાં છાપો મારી 71.97 ગ્રામ પ્રવાહી અફીણ (35,985) તથા મોબાઈલ મળી કુલ 45,985નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં મોહમ્મદ ઈકરામ ઉર્ફે નાઝીમ ઉસ્માનભાઈ અરબની ધરપકડ કરી એનડીપીએસ એક્ટ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દાહોદ એસ.ઓ.જી પોલીસે ગોધરા-ઈન્દોર હાઈવે પર નસીરપુર ગામે ખેતલાઆપા ટી સ્ટોલ પાસે શંકાસ્પદ મારુતિ ઓમ ફોરવીલ કારની તલાશી લેતા 2.910 કિલોગ્રામ ગાંજો (1.30 લાખ) મળી આવ્યો હતો. સાથે કાર અને રોકડ મળી કુલ 2.33 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. કાર ચાલક અનવર હુસેન ઉર્ફે ઝંડુ અલ્લાનૂર લખારાની ધરપકડ કરી તેને જેલમાં મોકલવામાં આવ્યો છે.

પસાયતા ગામમાં અકસ્માત બાદ નાસી છૂટેલો ટેમ્પા ચાલક પકડાયો

(પ્રતિનિધિ) સિંગવડ, તા.19

સિંગવડ તાલુકાના પસાયતા ગામે ગત રાત્રે અંદાજે 6.30 વાગ્યાના અરસામાં થયેલા ગંભીર માર્ગ અકસ્માત બાદ ફરાર થયેલા ટેમ્પા ચાલકને રણધીપુર પોલીસે ઝડપી લઈ ટેમ્પા સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, પીપલોદ તરફથી યામાહા મોટરસાયકલ નં. GJ-06 CK-0872 લઈને લુખાવાડા ગામના રહેવાસી ગણપતભાઈ રામસિંગભાઈ પટેલ (ઉંમર 52) પસાયતા તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન તેમની પાછળથી પીપલોદથી રણધીપુર તરફ જઈ રહેલો દૂધ ભરેલો ટેમ્પા નં. GJ-20 X-0420ના ચાલકે ટેમ્પો પૂર ઝડપે અને બેદરકારીપૂર્વક

ચલાવતા પસાયતા ચોકડીથી થોડું દૂર ગણપતભાઈની યામાહા ગાડીને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

ટક્કરના કારણે ગણપતભાઈ રસ્તા પર પટકાઈ ગયા હતા. તેમને માથાના ભાગે ગંભીર ઈજા તેમજ શરીરના અન્ય ભાગોમાં નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાયા બાદ ટેમ્પા ચાલક ઘટના સ્થળેથી નાસી છૂટ્યો હતો. બનાવની જાણ થતાં જ ગણપતભાઈના પરિવારજનો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ત્યારબાદ રણધીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ મામલે લુખાવાડા ગામના શિરીસભાઈ કીકાસિંહ પટેલ દ્વારા રણધીપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પોલીસે અકસ્માત કરીને ફરાર થયેલા દૂધના ટેમ્પા ચાલકને તથા સંડોવાયેલા ટેમ્પાને ટૂંકા સમયમાં શોધી કાઢી કબજે લીધા હતા. રણધીપુર પોલીસે ટેમ્પા ચાલકને તથા વાહનને પોલીસ સ્ટેશન ખાતે હાજર કરી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

સ્ટેટ મોનિટરીંગ સેલે નંબર પ્લેટ વગરની રોકેલી કારમાં દારૂનો વેપલો પકડાયો

દેલોલ-ઝાંખરીપુરા રોડ પરથી બે કારમાંથી 7.56 લાખનો દારૂ મળ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.19

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે કાલોલ તાલુકામાં મોટી કાર્યવાહી કરી દેલોલ-ઝાંખરીપુરા રોડ પર દેલોલ મસ્જિદ ફળિયુ પાસે નબર પ્લેટ વગરની બે કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. PSI જે.એચ. સિસોદિયાના નેતૃત્વમાં SMCની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમીના આધારે ક્રેટા અને મહિન્દ્રા XUV500 કારની તપાસ કરતા દારૂ અને બિયરના બોક્સ મળી આવ્યા હતા.

બન્ને વાહનો કાલોલ પોલીસ મથકે લાવી ગણતરી કરતા જુદી જુદી બ્રાન્ડના ટીન અને

ક્વાર્ટરની કુલ 3,782 બોટલ, કિંમત 7,56,400, મળી આવી હતી. સાથે જ બે વાહનો (ક્રેટા 10 લાખ અને મહિન્દ્રા XUV500 5 લાખ) તથા ચાર મોબાઈલ (20 હજાર) મળી કુલ 22.76 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન ત્રણ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે.

ઝડપાયેલા આરોપીઓમાં (1) સતીષ રાયજીભાઈ રાઠોડ (રહે. ગોકળપુરા, તાલુકો કાલોલ), (2) રાજકુમાર ભાલુભાઈ રાઠવા (રહે. મોટા આમોદ્રા, તાલુકો પાવીજેતપુર) અને (3) વિનોદ દોલતભાઈ બારીયા (રહે. પાડોરા, તાલુકો ઘોઘંબા) નો સમાવેશ થાય છે. જ્યારે દારૂના મુખ્ય સપ્લાયર ટીનાભાઈ કડવાભાઈ રાઠવા, મુખ્ય રિસીવર સુરેશ ઉર્ફે જાડો રાયજીભાઈ રાઠોડ તેમજ બન્ને વાહનોના માલિક સહિત કુલ ચાર ઈસમોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

આ સમગ્ર મામલે કુલ સાત ઈસમો સામે પ્રોહિબિશન એક્ટની કલમો 65(A)(E), 81, 83, 98(2), 116(B) તથા BNS 111(2)(B), 111(3)(4) મુજબ ગુનો નોંધ્યો હતો.

આમલી ગામમાં બાઈક અકસ્માત થતાં 7 ઘાયલ

(પ્રતિનિધિ) ગરબાડા, તા.19

ગરબાડા તાલુકાના જેસાવાડા નજીક આમલી ગામે ગઈ મોડી સાંજે એક ગંભીર બાઈક અકસ્માતની ઘટના બની હતી. પોલીસ ભરતી માટે તૈયારી કરી રહેલા યુવકો રનિંગ કરીને પરત ફરી રહ્યા હતા તે દરમિયાન પાછળથી ઝડપે આવેલી બાઈકે ટક્કર મારતા પાંચ યુવકોને અડફેટે લીધા હતા. અકસ્માતમાં પાંચેય યુવકોને હાથ, પગ તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. જ્યારે ટક્કર મારનાર બાઈક પર સવાર બે વ્યક્તિઓ પણ ઘાયલ થયા હતા. કુલ સાત લોકોને ઈજા થતાં સારવાર માટે 108માં તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયાં હતાં. આ અકસ્માત અંગે પોલીસને જાણ કરાતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

કાલોલની શાંતિનિકેતન ટ્રસ્ટમાં ઘર્ષણ, મેનેજીંગ ટ્રસ્ટી સાથે ઝપાઝપી

ફેરફાર રિપોર્ટ નામંજૂર થતા વિવાદ ભડક્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.19

કાલોલના શામળદેવી રોડ પર આવેલી શાંતિનિકેતન એજ્યુકેશન ટ્રસ્ટમાં ગંભીર તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી નારણભાઇ પટેલ કાયદેસરની ફરજો બજાવવા શાળાની ટ્રસ્ટ ઓફિસમાં પહોંચ્યા ત્યારે તેમને અટકાવી ઝપાઝપી કરાતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

શાંતિનિકેતન એજ્યુકેશન ટ્રસ્ટમાં નારણભાઇ પટેલ અને અન્ય ચાર ટ્રસ્ટીઓની બહુમતી હોવા છતાં ફાલ્ગુનભાઇ પટેલ અને વિનય ચૌધરી દ્વારા

આસિસ્ટન્ટ ચેરીટી કમિશનર કચેરીમાં નારણભાઇ પટેલ સહિતના ટ્રસ્ટીઓના નામ કમી કરાવવા માટે ફેરફાર રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો હતો. જો કે, આ ફેરફાર રિપોર્ટને આસિસ્ટન્ટ ચેરીટી કમિશનરે નામંજૂર કર્યો હતો.

ફેરફાર રિપોર્ટ નામંજૂર થયા બાદ નારણભાઇ પટેલ ટ્રસ્ટની કામગીરી માટે શાળાની ઓફિસમાં પહોંચ્યા હતા. તે સમયે સરીનભાઇ ચૌધરી અને તેમના પુત્ર વિનય ચૌધરીએ દાદાગીરી કરી તેમને ફરજો બજાવતા અટકાવ્યા હોવાનો આરોપ છે. શાળાના મહિલા સ્ટાફને બોલાવી ઉશ્કેરણી કરવામાં આવી અને નારણભાઇ પટેલની ઘેરાબંધી કરી ધક્કા, ટપલી તેમજ ગડદા-પાટુનો માર મારવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

મીડિયા કર્મી ઉપર પણ હુમલો, કારમાં તોડફોડ

સરીનભાઇ ચૌધરીએ મીડિયા કર્મીને પાછળથી બોચીના ભાગે થપ્પડ મારી "અહીંથી નીકળો" કહી ધમકી આપ્યાનો આક્ષેપ થયો છે. વધુમાં, નારણભાઇ પટેલ જે કાર લઈને આવ્યા હતા તેમાં તોડફોડ કરી હતી.